
## ગણતંત્ર પર્વની ગોઝારી ઘટનાથી શોકનું મોજુ
# ખંભીસર પાસે માર્ગ અકસ્માતમાં સરડોઈ હાઈસ્કૂલના શિક્ષિકાનું મોત
### ઘરેથી હાઈસ્કૂલમાં જવા કાર લઈ નિકળ્યાને રસ્તામાં મોત ભેટ્યું : અકસ્માતના દ્રશ્ય સી.સી.માં કેદ

બાયડ, તા. ૨૮

મોડાસા તાલુકાના ખંભીસર પાસે બુધવાર સવારે ગણતંત્ર દિવસે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં સરડોઈ હાઈસ્કૂલનાં શિક્ષિકાનું

કમકમાટીભર્યું મોત નિપજતાં સમગ્ર પંથકમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. મૃતક શિક્ષિકા હુંજ ગામેથી હાઈસ્કૂલમાં જઈ રહ્યાં હતાં ત્યારે અકસ્માત સર્જાયો જેના દ્રશ્યો કેમેરામાં કેદ થયા હતા. શિક્ષિકાના આકસ્મિક મોતથી શાળામાં ગણતંત્રનું પર્વ શોકમાં ફેરવાયું હતું. બનાવ અંગે મોડાસા ગ્રામ્ય પોલીસે કારચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મોડાસા-હિંમતનગર હાઈવે માર્ગ ઉપર બેફામ દોડતા વાહનોથી જીવલેણ અકસ્માતો કાયમી બન્યા છે. હિંમતનગર તાલુકાના હુંજ ગામના અને સરડોઈ હાઈસ્કૂલમાં પ્રાયમરી વિભાગમાં ફરજ બજાવતાં શિક્ષિકા રાગીણીબેન ધવલભાઈ પટેલ તા.૨૬ના રોજ અલ્ટો કાર (નં.જી.જે.૩૧ડી-૪૧૦૫)લઈને ગણતંત્ર પર્વની ઉજવણીમાં હાજરી આપવા માટે ઘરેથી નિકળ્યાં હતાં જે દરમ્યાન ખંભીસર ગામની સીમમાં આવેલા ખાનગી પેટ્રોલ પંપ પાસે કાર પસાર થતી હતી જે સમયે સામેથી પૂરઝડપે પસાર થતી કાર (નં.જી.જે.૨૦એ-૨૦૭૬)ના ચાલકે શિક્ષિકાની કારને ટક્કર લગાવતાં કારના આગળના ભાગનો કડૂચલો વળી ગયો હતો. ગમખ્વાર અકસ્માતમાં ઘાયલ શિક્ષિકા બહેનને તાત્કાલિક મેઢાસણ સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યાં પરંતુ તેમનું ગંભીર ઈજાથી મોત નિપજ્યું હતું. ગણતંત્ર દિવસે સર્જાયેલી આ ગોઝારી ઘટનામાં હાઈસ્કૂલના શિક્ષિકાનું મોત નિપજયાના અહેવાલો આસપાસમાં પ્રસરી જતાં મોટી સંખ્યામાં લોકો સ્થળ ઉપર દોડી આવ્યા હતા. મૃતક મેઢાસણ ગામની દિકરી હોવાના નાતે સ્થાનિક ગ્રામજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. બનાવની જાણ થતાં સરડોઈ હાઈસ્કૂલના આચાર્ય ઘનશ્યામસિંહ ચાવડા તેમજ સ્ટાફ હાઈસ્કૂલમાં આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમો અટકાવી ઘટના સ્થળે પહોંચી ગયો હતો પરંતુ શિક્ષિકાના મોત બાદ સૌ કોઈ શોકમાં સરી પડ્યા છે. બનાવ અંગે સંદીપ લખાભાઈ પટેલની ફરિયાદના આધારે મોડાસા ગ્રામ્ય પોલીસે આરોપી કારચાલક વિરૂદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પી.એસ.આઈ. બનવાનું સ્વપ્ર અધુરૂ રહ્યું...

મોડાસા તાલુકાના સરડોઈ હાઈસ્કૂલમાં શિક્ષિકાનું ગત રોજ માર્ગ અકસ્માતમાં મોત નિપજતાં પંથકમાં શોક છવાયો છે. મૃતક પ્રાયમરી વિભાગમાં શિક્ષિકાની ફરજ સાથે પોતે પી.એસ.આઈ. બનવા ઈચ્છુક હોવાથી થોડાક સમય અગાઉ તેમને ગ્રાઉન્ડ પાસ કરી પોલીસ વિભાગની અન્ય પરીક્ષા માટેની તૈયારી કરી રહ્યાં હતાં પરંતુ આકસ્મિક માર્ગ અકસ્માતમાં તેમનું મોત નિપજતાં શિક્ષિકાનું પી.એસ.આઈ. બનવાનું સ્વપ્રુ અધુરૂ રહ્યું છે.

### સરડોઈના શૈક્ષણિક સંકુલોમાં સાંસ્કૃતિક કાર્યક્રમો રદ કરાયા...

મોડાસાના ખંભીસર પાસે સર્જાયેલા ગોઝારા અકસ્માતમાં સરડોઈ હાઈસ્કૂલના શિક્ષિકાનું મોત નિપજતાં સરડોઈ હાઈસ્કૂલ, પ્રાથમિક શાળા-૧, ૨ સહિતના શૈક્ષણિક સંકુલોમાં ગણતંત્ર પર્વની ઉજવણી નિમિત્તે આયોજીત કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમો રદ કરવામાં આવ્યા હતા.

# હિંમતનગરની એકમાત્ર કામધેનુ યુનિ.ને કચ્છમાં ખસેડવાની હિલચાલ
### યુનિ.નું સ્થળ ખસેડવા મુદ્દે વિવાદની સંભાવના

હિંમતનગરના રાજપુરમાં આવેલી એકમાત્ર કામધેનુ યુનિ.ને કચ્છમાં ખસેડવાની હિલચાલ શરૂ થઈ છે. સ્થાનિક ગ્રામજનો દ્વારા આ મુદ્દે વિરોધ વ્યક્ત કરાયા પછી જો યુનિવર્સિટીનું સ્થળ બદલવામાં આવશે તો વિવાદ વધુ વકરવાની સંભાવના છે. વર્ષ-૨૦૧૦-૧૧માં સરકાર દ્વારા ૯૯ એકરથી વધુ હેક્ટર જમીનમાં કામધેનુ યુનિ. તૈયાર કરવામાં આવતાં ખેડૂતો અને પશુપાલકો તેનો લાભ લેતા થયા હતા પરંતુ અચાનક કાર્યરત યુનિ.ને છેક કચ્છ ખસેડવા મુદ્દે આંદોલનના ભણકારા છે.

રાજ્ય સરકાર દ્વારા હિંમતનગરના રાજપુર ગામ નજીક વર્ષ-૨૦૧૦-૧૧ના સમયગાળામાં કામધેનુ યુનિ. માટે જમીન સંપાદન કરી કરોડોના ખર્ચે યુનિ. ઉભી કરવામાં આવી છે. આસપાસના ગામોના પશુપાલકોને તેનો લાભ મળી રહ્યો છે. યુનિ. માટે રાજપુર ગ્રામ પંચાયતે ગ્રામસભામાં ઠરાવ કરી સરકારને જમીન સોંપી હતી. જે તે સમયે તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે યુનિ.નું ખાતમુહૂર્ત કરવામાં આવતાં રાજપુર ઉપરાંત આસપાસના ૫૦ થી વધુ ગામોના પશુઓને યુનિ.માં પશુ સારવાર તેમજ સંવર્ધન વિશે લાભ મળતો હતો પરંતુ અચાનક આ યુનિ.ને સ્થળ બદલી કચ્છભૂજ લઈ જવાની પેરવી શરૂ કરવામાં આવતાં સ્થાનિકો રોષે ભરાયા છે. તાજેતરમાં યુનિ. આગળ ગ્રામજનોએ એકત્ર થઈ પોતાનો વિરોધ દર્શાવ્યો હતો અને જો વિરોધને અવગણી સરકાર દ્વારા કામધેનુ યુનિ.ને અહીંથી બદલવામાં આવશે તો વિવાદ વધુ વકરવાની સંભાવના છે. હાલમાં યુનિ.ની જગ્યા ઉપર પશુપાલન પોલીટેકનિકનો અભ્યાસક્રમ તેમજ હોસ્પિટલ પણ બનાવવામાં આવી છે. જ્યારે સરકારના મત્સ્ય ઉદ્યોગ દ્વારા મસ્ત્ય પાલન શિક્ષણ પણ પુરૂ પાડવામાં આવતુ હોવા છતાં અંદરખાને યુનિ.નું સ્થળ બદલવા માટે કાર્યવાહી શરૂ થઈ છે.

# ટ્યુશનની બદીથી કોરોનાનું ગ્રહણ દૂર..!!
### જિલ્લામાં ધો.૧ થી ૯ ની શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ શરૂ કરવા માંગ : સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે શાળાઓ શરૂ કરવા માંગ દોહરાવી

બાયડ, તા. ૨૮

રાજ્યમાં કોરોનાનું સંક્રમણ ધીમું પડ્યાના દાવા પછી સ્વનિર્ભર શાળા સંચાલકોએ રાજ્યમાં ધો.૧ થી ૯ ની શાળાઓમાં તા.૧ ફેબ્રુઆરીથી ઓફલાઈન શિક્ષણ શરૂ કરવા માંગ કરી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ધો.૧ થી ૯ ની શાળાઓ બંધ છે પરંતુ ટ્યુશનની બદી બેરોકટોક ધમધમી રહી છે. ત્યારે ટ્યુશન જતા બાળકોને શું કોરોનાનું સંક્રમણ લાગુ નહીં પડે..?? તેવા સવાલ થઈ રહ્યા છે.

રાજ્યમાં પાછલા ૨૩ મહિનાથી કોરોના સંક્રમણના કારણે શિક્ષણને સૌથી વધુ માઠી અસર થઈ છે. આગામી બોર્ડ પરીક્ષામાં ઓછા ફોર્મ ભરાતાં રાજ્યનો શિક્ષણ વિભાગ ચોંકી ઉઠ્યો છે ત્યારે માસ પ્રમોશનથી ઉપલા વર્ગમાં ગયેલા છાત્રો પોતે પાસ થઈ ગયા તે સ્વીકારવા તૈયાર નથી અને બોર્ડ પરીક્ષા માટે તો તૈયાર ન હોવાનું બિહામણું ચિત્ર સામે આવ્યું છે. જ્યારે હવે કોરોનાના ભયમાંથી બહાર આવી શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ નિયમિત કરવું પડે તેમ છે. કોરોનાનું સંક્રમણ વધતાં વિભાગે ઓફલાઈન શિક્ષણ ધો.૧ થી ૯ માં બંધ કરતાં અનેક વાલીઓમાં નારાજગી જોવા મળી હતી. સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળે રાજ્યના શિક્ષણ વિભાગને જણાવ્યું છે કે મહારાષ્ટ્રમાં શાળાઓ ખૂલી રહી છે તો ગુજરાતમાં ધો.૧ થી ૯ ની શાળાઓ કેમ બંધ કરવામાં આવી..?? જિલ્લામાં કોરોનાનું સંક્રમણ હવે કાબુમાં આવતાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ફેબ્રુઆરીના આરંભે શાળાઓમાં શિક્ષણ કાર્ય શરૂ કરવું જોઈએ. અરવલ્લી જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના પ્રમુખ અતુલભાઈ બી. પટેલે પણ ૧૫ થી ૧૮ વર્ષના બાળકોને સંપૂર્ણ રસીકરણ થયું હોવાથી શાળાઓ ખોલવાની માંગ કરી છે.

# ૨૦૧ પોઝિટિવ કેસ સાથે હજુ ૮૨ એક્ટિવ કેસ, ૪ સંજીવની રથ શરૂ
### અરવલ્લીમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા દૈનિક ૧૦ થી ૧૫ સુધી પહોંચી ઓછા લક્ષણો ધરાવતા સંક્રમિતોને હવે ઘેર બેઠાં સંજીવની રથની સારવાર : ધવંતરી બાદ સંજીવની રથ દોડતા થયા

અરવલ્લી જિલ્લામાં ઉત્તરાયણના તહેવાર પછી કોરોના સંક્રમિત કેસની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. આરોગ્ય વિભાગ ભલે અન્ય જિલ્લાની સરખામણીમાં કેસ ઓછા હોવાનું રટણ કરતું હોય પરંતુ દૈનિક સરેરાશ ૧૦ થી ૧૫ કેસ પોઝિટિવ નોંધાતા હોવાથી ચિંતા ઉભી થઈ છે. આરોગ્ય વિભાગ દ્વારા સંક્રમણને રોક્વાની સાથે ઓછા લક્ષણ ધરાવતા કોરોના પોઝિટિવ દર્દીઓને હવે ઘેર બેઠાં સારવાર આપી શકાય તેવા આશયે૪ દિવસથી૪ ધન્વંતરી રથ ફરતા કરાયા છે.

અરવલ્લી જિલ્લામાં કોરોના સંક્રમણ અપ-ડાઉન થતું રહ્યું છે. સોશ્યલ ડિસ્ટન્સ તેમજ ફરજીયાત માસ્કના નિયમોનું સંપૂર્ણ પાલન ન થતાં હમણાંથી પોઝિટિવ કેસની સંખ્યા વધી છે. અત્યાર સુધીમાં કોરોના પોઝિટિવ કુલ-૨૦૧ કેસ આરોગ્ય વિભાગના દફતરે નોંધાયા છે જેમાં હજુ ૮૨ કેસ એક્ટિવ હોવાની વિગતો સામે આવી છે. જિલ્લામાં પતંગ પર્વ તેમજ લગ્નસરાની સીઝન દરમ્યાન કોવિડ-૧૯ની ગાઈડલાઈનનો ઉલાળીયો થતાં ગમે તે ઘડીએ સંક્રમણ વધુ બેકાબુ થવાની વ્યક્ત થયેલી આશંકા સાચી ઠરતી જાય છે. જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ટેસ્ટીંગ ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યા બાદ દૈનિક ૧૦થી ૧૫ કેક્સ પોઝિટિવ નોંધાઈ રહ્યા છે જેથી અંદરખાને સંક્રમણની સ્થિતિએ ચિંતા ફેલાવી છે. આરોગ્ય વિભાગ દ્વારા કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખી હવે ઓછા લક્ષણ ધરાવતા પોઝિટિવ દર્દીની સારવાર માટે હોમ આઈસોલેટ દરમ્યાન સંજીવની રથના માધ્યમથી સારવાર આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જિલ્લામાં ૪ સંજીવની રથ ફરતા કરવામાં આવ્યા છે જેમાં સંક્રમિત દર્દીના ઘરે જઈ આરોગ્ય વિભાગની ટીમો સારવાર આપવા દોડતી થઈ છે.

**પાછલા ૫ દિવસ દરમિયાન નોંધાયેલ કેસ...**

| તારીખ | પોઝિટિમ કેસ |
|---|---|
| તા.૨૩ | ૧૦ |
| ૧૦તા.૨૨ | ૨૨ |
| તા.૨૧ | ૧૬ |
| તા.૨૦ | ૧૯ |
| તા.૧૯ | ૦૮ |

## ઉત્તર ગુજરાતના બાળકોમાં કુપોષણનું પ્રમાણ ચિંતાજનક

ઉત્તર ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં બાળકોમાં કુપોષણનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. રાજ્ય સરકાર બાળકોને શાળામાં પણ પોષણક્ષમ આહાર મળી રહે અને કુપોષણ ઘટે તેવા પ્રયત્નો કરે છે તેમ છતાં બાળકોમાં કુપોષણ હાવિ થઈ જતાં દરવર્ષે અયોજીત ચિંતન શિબિરો છતાં યોગ્ય ઉકેલ આવતા નથી અને કુપોષણમાં વધારો થઈ રહ્યો છે.

રાજ્યના બાળકોમાં કુપોષણના કારણે થતાં બાળમૃત્યુ, ઓછું વજન અને માતા મૃત્યુદરમાં ઘટાડો લાવવા સરકાર અને બાળકલ્યાણ વિભાગ દ્વારા અનેક પ્રયાસો થયા છે પરંતુ સિસ્ટમમાં ખાટલે ખોળ હોય તેમ માત્ર દફતર ઉપર કુપોષણ દૂર તો થાય છે પરંતુ વાસ્તવમાં દૂર થતું નથી. ઉત્તર ગુજરાતમાં ૫ જિલ્લામાં ૧૫ ટકાથી વધુ બાળકો કૂપોષિત હોવાની સંભાવના છે. દર વર્ષે રાજ્ય સરકાર શાળાઓમાં બાળકોને પોષણક્ષમ આહાર મળી રહે તેવા ભરપૂર પ્રયાસો કરી રહી છે તેમ છતાં બાળકોમાંથી કુપોષણ દૂર થતું ન હોવાથી રાજ્ય સરકાર માટે દર વર્ષે આ પ્રશ્ને ચિંતા ઉદભવે છે.

# ઉત્તર ગુજરાતમાં ૧.૦૮ લાખ હેક્ટર જમીનમાંથી બટાકા કાઢવાની કામગીરી શરૂ
### અનુકુળ ઠંડીથી ૨૦ ટકા થી વધુ ઉત્પાદનની ધારણા

ઉત્તર ગુજરાતની ઓળખ સમાન બટાકા કાઢવાની સીઝનનો વિધિવત રીતે પ્રારંભ થયો છે. ૫



જિલ્લાઓમાં અનુકુળ ઠંડી જળવાયેલી રહેતાં આ વખતે બટાકાનું ઉત્પાદન ૨૦ ટકાથી વધુ થવાની ધારણા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. બટાકા કાઢવાની સીઝનનો પ્રારંભ થતાં કુલ-૧,૦૮,૨૬૯ હેક્ટરમાં બટાકા કાઢવાની કામગીરી ઝડપથી શરૂ કરી દેવાઈ છે. પરંતુ સીઝનમાં ભાવમાં અનિશ્ચિતતા જોવા મળી રહી છે. હવે કોલ્ડ સ્ટોરેજ ખૂલ્યા પછી જ બટાકાના ભાવ નક્કી થશે તેવું ખેડૂત આલમમાંથી જાણવા મળી રહ્યું છે.

બટાકાની ખેતી ખેડૂતો માટે માનીતી ખેતી બની રહી છે. ઉત્તર ગુજરાતમાં તો મોટા ભાગના ખેડૂતો બટાકાનું વાવેતર કરતા હોવાથી ઉત્તર ગુજરાતની ઓળખ બટાકા બની રહ્યા છે. આ વખતે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ખેડૂતોએ કુલ-૧,૦૮,૨૬૯ હેક્ટરમાં બટાકાનું વાવેતર કર્યું હતું. વાવેતર થયા પછી થોડાક દિવસો માટે વાવેતરને અસર થાય તે રીતે વાતાવરણ ઉભું થતાં બટાકાનું ઉત્પાદન ઘટવાની ભીતી વ્યક્ત થઈ રહી હતી પરંતુ ત્યાર પછી અનુકુળ ઠંડીનો માહોલ જામતાં આ વખતે ૨૦ ટકાથી પણ વધુ ઉત્પાદન થવાની આશા બંધાઈ છે. ઉત્તર ગુજરાતમાં બટાકાનો પાક તૈયાર થઈ જતાં ખેતરોમાં બટાકા કાઢવાની કામગીરી પૂરજોશથી શરૂ કરી દેવાઈ છે. આ વર્ષે ઠંડીનું પ્રમાણ જળવાતાં ઉત્પાદન વધે તેમ છે પરંતુ બટાકાના ભાવની અનિશ્ચિતતા જોવા મળી રહી છે. પાંચેય જિલ્લાઓમાં બટાકા કાઢવાની શરૂઆત થઈ છે. જેથી બજારમાં આવતા બટાકાને લઈ ભાવમાં વધ-ઘટ જોવા મળી રહી છે. આગામી ૭ થી ૮ દિવસમાં કોલ્ડ સ્ટોરેજો ખૂલતાં બટાકાના ભાવ પોષણક્ષમ ચોક્કસ નક્કી થશે તેવું ખેડૂતો ઈચ્છી રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં મોટા ભાગનું વાવેતર ૧ થી ૨૦ નવેમ્બર વચ્ચે થયું હોવાથી બાદશાહ, લોકર, ફુકરી જાતના બટાકાનો સમય પૂર્ણ થતાં ખેડૂતોએ બટાકા કાઢવાની કામગીરી શરૂ કરી દીધી છે અને આગામી દિવસમાં બાદશાહ જાતના બટાકા કાઢવાની કામગીરી પણ પૂર્ણ જોશમાં શરૂ થશે તેવું જણાઈ રહ્યું છે.

## સરડોઈની છાત્રાએ ચોખાના દાણા ઉપર આર્ટ વર્કથી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો
### અમદાવાદમાં ફરજ બજાવતા પોલીસ પિતાની પુત્રીનું વૈશ્વિક ગૌરવ

બાયડ, તા. ૨૮

મોડાસા તાલુકાના સરડોઈના રાજપૂત પરિવારની છાત્રાએ ચોખાના દાણા ઉપર દેશભક્તિના ૩૨ શબ્દોના આર્ટ વર્ક સાથે રાષ્ટ્ર ધ્વજ અંક્તિ કરી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. અમદાવાદના પોલીસ




વિભાગમાં ફરજ બજાવતા પોલીસ પિતાની પુત્રીએ વૈશ્વિક ગૌરવ અપાવતાં રાજપૂત સમાજ અને ગામમાં આનંદની લાગણી વ્યાપી છે.

પ્રાપ્ત જાણકારી મુજબ તાલુકાના સરડોઈ ગામના વતની અક્ષયસિંહ પુવાર અને શિલ્પાબા પુંવારની પુત્રી દ્રષ્ટી પંવાર અમદાવાદ કૃષ્ણનગરની અંકુર અર્ચના વિદ્યાલયમાં ધો.૧૦માં અભ્યાસ કરે છે. અભ્યાસની સાથે પહેલેથી જ તેને વિવિધ આર્ટ વર્કમાં રસ હોવાથી પરિવારે તેને જાણીતા લઘુચિત્ર કલાકાર દિપક ભટ્ટ પાસે આર્ટ કળા શીખવા માટે મોકલી જેમાં ટૂંક સમયમાં જ રાજપૂત પરિવારની પુત્રીએ ચોખાના દાણા ઉપર બારીકાઈથી આર્ટવર્ક કરવામાં સિદ્ધિ હાંસલ કરી લીધી. તાજેતરમાં હેપ્પીરી-પબ્લિક ડે હેઠળ સ્કુલના છાત્રોની સ્પર્ધા યોજવામાં આવી જેમાં વૈશ્વિક કક્ષાની આ સ્પર્ધામાં દ્રષ્ટીએ ચોખાના દાણા ઉપર ૩૨ દેશભક્તિ શબ્દો તેમજ રાષ્ટ્રધ્વજનું અદ્‌ભૂત આર્ટવર્ક કરી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. ચોખાના દાણા ઉપર આર્ટ વર્કની ગૌરવશાળી સિદ્ધિ મેળવવા બદલ રાજપૂત પરિવારની પુત્રી ઉપર અભિનંદન વર્ષા થઈ રહી છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના માર્ગો ઉપર દોડતી ઓવરલોડ ટ્રકો
### આર.ટી.ઓ., ભૂસ્તર વિભાગનો ઢાંકપીછોડો

બાયડ તા.૨૮

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના માર્ગો ઉપર ફરીથી ઓવરલોડીંગ ટ્રકો દોડતી થઈ હોવા છતાં ગ્રીટ, રેતી, કપચી સહિતના માલનું ક્ષમતા કરતાં પણ વધુ વહન થઈ રહ્યું હોવા છતાં આર.ટી.ઓ. અને ભૂસ્તર વિભાગે ઢાંકપીછોડાની નીતી અપનાવી છે. જિલ્લામાં બેરોકટોકપણે માર્ગો ઉપર ઓવરલોડ વાહનો દોડી રહ્યાં છે છતાં કોઈ જ પગલાં ન ભરાતાં તંત્રની નિષ્ઠા સામે સવાલ ઉભા થયા છે.

માર્ગો ઉપર ક્ષમતા કરતાં વધારે માલનું પરીવહન કરવું એ ગુનો બનતો હોવા છતાં જિલ્લામાં ક્ષમતા કરતાં પણ વધુ માલ ભરી વાહનો દોડી રહ્યાં છે. જિલ્લામાં હાઈવે માર્ગો ઉપર રોજ અસંખ્ય સંખ્યામાં ઓવરલોડીંગ ટ્રકો પસાર થઈ રહી છે છતાં આર.ટી.ઓ. અને ભૂસ્તર વિભાગે કાર્યવાહીના નામે કંઈ જ ઉકાળ્યું નથી જેથી ફરીથી ઓવરલોડીંગ ટ્રકોનું દૂષણ શરૂ થયું છે. માર્ગો ઉપર નિયમને નેવે મૂકી ફરીથી ટ્રકો દોડતી થઈ છે. જિલ્લામાં એ.સી.બી.ની રનિંગ ટ્રેપ થઈ ન હોવાથી માર્ગો ઉપર પોલીસની મહેરબાનીથી ગેરકાયદેસર રીતે ઓવરલોડીંગ ટ્રકો ફરતી થઈ છે. જિલ્લામાં ક્ષમતા કરતાં અનેક ગણો માલ ભરીને જતી ટ્રક તેમજ અન્ય વાહનો માર્ગોને માઠું નુક્સાન પહોંચાડી રહ્યા છે ત્યારે તંત્ર આ દૂષણને નાથવા માટે કાર્યવાહી હાથ ધરે તે ઈચ્છનીય છે. સરકારી કાયદાઓનું ઉલ્લંઘન કરી હિંમતનગર થી મહેસાણા અને મહેસાણા થી હિંમતનગર થી મોંડી હિંમતનગર થી અમદાવાદ, બાયડ-દહેગામ રોડ ઉપર ઓવરલોડીંગ ટ્રકો બિન્દાસ રીતે પસાર થઈ રહી છે. ત્યારે કુંભકર્ણની નિંદ્રામાં પોઢવા ટેવાયેલ આર.ટી.ઓ. તેમજ ભૂસ્તર વિભાગ ઉંઘમાંથી જાગે તે જરૂરી છે અન્યથા માર્ગો ઉપર હાલમાં દોડતી ઓવર લોડીંગ ટ્રકોની સંખ્યામાં વધારો થવાની ભીતી વ્યક્ત થઈ રહી છે.

# ૪૨,૦૦૦ હેક્ટર જમીનમાં કઠોળ-તેલીબીયાંનું વાવેતર
### જિલ્લામાં ૧ ફેબ્રુઆરીથી તુવર, રાયડો અને ચણાની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી : ૧૫ ફેબ્રુઆરીથી તુવરની ટેકાના ભાવે ખરીદી થશે

બાયડ, તા. ૨૮

જિલ્લામાં રાયડાનું બમ્પર વાવેતર થયું છે ત્યારે આગામી તા.૧ ફેબ્રુઆરીથી તુવર, રાયડો અને ચણાની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી પ્રક્રીયા શરૂ થશે. તા.૧૫ ફેબ્રુઆરીથી તુવરની ટેકાના ભાવે ખરીદી અને ત્યારબાદ ૧ માર્ચથી ચણા અને રાયડાની ખરીદી કરવાનો ગુજકો માસોલે નિર્ણય ક્યનું જાણવા મળ્યું છે.

સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી સહિતની પાક ઉપજ ખરીદવામાં આવતાં ખેડૂતોને ઠીક ઠીક ફાયદો થયો છે. અત્યાર સુધી ખેડૂતો ખાનગી વેપારીઓના હાથે લૂંટાતા આવ્યા પરંતુ સરકાર દ્વારા ખેતપેદાશના ટેકાના ભાવ વધ્યા તેમજ ખાનગી બજારમાં પણ સારા ભાવ મળતાં ખેડૂતોને હવે ખેતીનો ધંધો ફાયદારૂપ સાબિત થઈ રહ્યો છે. આ વર્ષે ઘઉ અને બટાકાના પાકને અનુકુળ ઠંડીના કારણે બમ્પર વાવેતરની આશા છે. ત્યારે સરકાર દ્વારા હવે ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશનની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રાયડો, તુવર અને ચણાનું ૪૨,૬૮૬ હેક્ટર જમીનમાં વાવેતર થયાનું ખેતી વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

ટચુકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧